### હરણી લેક પાસે VMCના શૌચાલયમાં બોર્ડ મારવામાં અક્કલનું પ્રદર્શન

# ‘કેવા માણસોને કામ આપો છો?’: લોકોમાં ભારે રોષ

**એન્ટ્રી સાઈનેજમાં** લોચા મારતા લોકો અસમંજસમાં; પાલિકાની છબી ખરડાઈ, સોશિયલ મીડિયા પર તંત્રની ભારે ખેંચાઈ




વડોદરાઃ સ્માર્ટ સિટી વડોદરામાં વહીવટદારો અને કોન્ટ્રાક્ટરોની ગજબની ‘ક્રિએટિવિટી’ ફરી એકવાર ચર્ચાનો વિષય બની છે. હરણી લેક ઝોન જેવા સતત ધમધમતા વિસ્તારમાં પાલિકા દ્વારા બનાવવામાં આવેલા જાહેર શૌચાલયમાં બોર્ડ મારવામાં એવી તો ગંભીર ભૂલ કરવામાં આવી છે કે, કુદરતી હાજતે આવેલા નાગરિકોએ અંદર જતા પહેલા ‘તર્કશાસ્ત્ર’ના ક્લાસ લેવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. સામાન્ય રીતે જાહેર શૌચાલયમાં મહિલા અને પુરુષો માટે અલગ-અલગ વિભાગો હોય છે, જેના પર સ્પષ્ટ ચિત્રો કે લખાણ હોય છે. પરંતુ હરણી લેક ઝોન પાસેના આ શૌચાલયમાં એન્ટ્રી ગેટ પર સાઈનેજ લગાવવામાં એવો તો ‘ગોટાળો’ કરવામાં આવ્યો છે કે લોકો અસમંજસમાં મુકાયા છે. પુરુષોના વિભાગ પર મહિલાનું લખાણ અને ચિત્રમાં વિરોધાભાસ જોવા મળતા લોકોમાં રોષ સાથે રમુજ પણ ફેલાઈ છે. હરણી લેક ઝોન એવો વિસ્તાર છે જ્યાં મોટી સંખ્યામાં પરિવારો અને પ્રવાસીઓ આવે છે. આવી અજીબો-ગરીબ ભૂલ વડોદરા મહાનગર પાલિકાની છબી ખરડે છે. સોશિયલ મીડિયા પર પણ આ મામલે તંત્રની ભારે ખેંચાઈ થઈ રહી છે.

હવે જોવાનું એ રહે છે કે આ ‘બુદ્ધિના પ્રદર્શન’ને સુધારવામાં પાલિકા કેટલા દિવસ લે છે! સ્થાનિકો અને મુલાકાતીઓમાં આ મામલે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે શું કામ પૂરું થયા પછી કોઈ સુપરવાઈઝર ચેક કરવા નથી આવતું?

*જ્યારે કોઈને સખત ‘પી’ (પેશાબ) લાગી હોય, ત્યારે શું તેણે બહાર ઉભા રહીને એ નક્કી કરવાનું કે આ બોર્ડ સાચું છે કે દરવાજો?

*લાખોના ખર્ચે બનતા પ્રોજેક્ટ્સમાં આટલી પ્રાથમિક સમજનો પણ અભાવ કેમ?

### વડોદરા તાલુકા પંચાયતની છેલ્લી સભા, બજેટ મંજૂર

# 5 વર્ષમાં નવી કચેરી માટે જમીન મેળવવામાં સત્તાધીશો નિષ્ફળ

(પ્રતિનિધિ), વડોદરા. તા.27

વડોદરા તાલુકા પંચાયતની વર્તમાન ટર્મની અંતિમ સામાન્ય સભા આજે પ્રમુખની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ સભામાં આગામી વર્ષના અંદાજપત્ર (બજેટ) ને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી, સાથે જ પાંચ વર્ષના કાર્યકાળ દરમિયાન મળેલા સાથ-સહકાર બદલ આભાર ઠરાવ પણ પસાર કરવામાં આવ્યો હતો. જોકે, આ પાંચ વર્ષના અંતે પણ તાલુકા પંચાયતને પોતાની નવી કચેરી માટે જમીન મેળવવામાં સફળતા ન મળતા સભ્યોમાં કચવાટ જોવા મળ્યો હતો. સામાન્ય સભાના એજન્ડા પરના તમામ કામો અને વિકાસલક્ષી અંદાજપત્રને સભામાં બહાલી આપવામાં આવી હતી. વિદાય લઈ રહેલા સભ્યોએ એકબીજાનો આભાર માન્યો હતો અને પાંચ વર્ષના શાસનકાળના અનુભવો વહેંચ્યા હતા.



સૌથી વધુ ચર્ચા નવી કચેરી અને જમીન ફાળવણી મુદ્દે જોવા મળી હતી. છેલ્લા 5 વર્ષથી વડોદરા તાલુકા પંચાયતના પ્રમુખ અને સભ્યો નવી કચેરી માટે પ્રયત્નશીલ હોવાનો દાવો કરી રહ્યા છે, પરંતુ વાસ્તવિકતામાં હજુ સુધી જમીન સંપાદન થઈ શકી નથી. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે, સત્તાધીશોએ માત્ર કાગળ પર પત્રવ્યવહાર કરીને સંતોષ માન્યો છે, પરિણામે ટર્મ પૂરી થવા આવી છતાં નવી કચેરીનું સપનું સાકાર થયું નથી. હાલમાં ખાનપુર ખાતે જે જમીનની માંગણી કરવામાં આવી છે, તેની વહીવટી પ્રક્રિયા ગતિમાં હોવાનું જણાવાયું છે. જિલ્લા કલેક્ટર કચેરી તરફથી ટૂંક સમયમાં જ હકારાત્મક નિર્ણય આવશે તેવી આશા સાથે સભ્યોએ અંતિમ સભામાં હાજરી આપી હતી. હવે જોવાનું એ રહે છે કે નવી ટર્મમાં આવનારા સભ્યોને તૈયાર જમીન મળે છે કે પછી તેમણે પણ ફરીથી ‘કાગળીયા’ જ કરવા પડશે.

### પાણી, રસ્તા અને બ્રિજ રિપેરિંગ પર વિશેષ ભાર

# વડોદરા મ્યુનિ. કોર્પોરેશનની સ્થાયી સમિતિમાં કરોડોના 21 કામો મંજૂર

(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરા મહાનગરપાલિકાની વડી કચેરી ખાતે આજે સ્થાયી સમિતિની મહત્વની બેઠક અધ્યક્ષ ડો. શીતલ મિસ્ત્રીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ બેઠકમાં શહેરના સર્વાંગી વિકાસ અને જનસુવિધાને સ્પર્શતી કુલ 21 દરખાસ્તો રજૂ કરવામાં આવી હતી, જે તમામ પર વિસ્તૃત ચર્ચાના અંતે મંજૂરીની મહોર મારવામાં આવી છે. જેમાં પાણી પુરવઠાના કામો, રસ્તાની મરામત અને જાહેર સુવિધાના કામોનો સમાવેશ થાય છે. શહેરના પશ્ચિમ અને દક્ષિણ ઝોનમાં પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે સમિતિએ મહત્વના નિર્ણયો લીધા છે. પશ્ચિમ ઝોનના વોર્ડ નં. 10 અને 11માં પાઈપલાઈન નાખવાના કામ માટે વધારાના 70-70 લાખની નાણાકીય મર્યાદા અને 6 મહિનાની સમય મર્યાદા વધારવામાં આવી છે. દક્ષિણ ઝોનના વોર્ડ નં. 19માં પાણીની નળિકા, ચેમ્બર, ટ્યુબવેલ અને હેન્ડપંપ બનાવવા માટે 1.50 કરોડનો વાર્ષિક ઈજારો મંજૂર કરાયો છે. આ ઉપરાંત નિમેટા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે 36.55 લાખના ખર્ચે નવા બે ડીજી સેટ ખરીદવામાં આવશે. ચોમાસા બાદ શહેરના રસ્તાઓ પર પડેલા ખાડાઓની દુરસ્તી માટે કોર્પોરેશન દ્વારા ચારેય ઝોનમાં ‘કોલ્ડ મિક્સ ઈન્જેક્શન પોટહોલ પેચિંગ મશીન’ દ્વારા કરવામાં આવેલી 1.69 કરોડની કામગીરીને સમિતિએ જાણમાં લીધી છે. સાથે જ, વિશ્વામિત્રી નદી પર આવેલા બાલભવન અને મુજમહુડા રિવર બ્રિજના સ્ટ્રક્ચરના રિપેરિંગ માટે અંદાજે 1.18 કરોડના ખર્ચને પણ મંજૂરી આપવામાં આવી છે. સેન્ટ્રલ સ્ટોર માટે 1 કરોડના ખર્ચે વોટર કુલર અને આરો સિસ્ટમની ખરીદી કરાશે. સોલિડ વેસ્ટ વિભાગ દ્વારા શહેરમાં ફેલાતી દુર્ગંધ રોકવા માટે જંતુનાશક દવાઓની ખરીદીમાં 25%નો વધારો મંજૂર કરાયો છે. સયાજીબાગ ઝૂના સિવિલ કામો માટે પણ 30 લાખની વધારાની રકમ ફાળવવામાં આવી છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ માટે વિશેષ સુવિધા ઉભી કરવાનો નિર્ણય લેવાયો છે. શહેરના તમામ પરીક્ષા કેન્દ્રો પર પીવાના પાણીની વ્યવસ્થા, ટેબલ-ખુરશી અને બેકડ્રોપ જેવી પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવા માટેની દરખાસ્તને સ્થાયી સમિતિએ મંજૂર કરી છે. આ ઉપરાંત પાલિકાની વર્ષ 2026ની 36,000 ડાયરીઓ છપાવવાની કામગીરીને પણ કમિશનરની અપેક્ષાએ મંજૂરી આપી દેવામાં આવી છે.

### વેપારીઓના થેલા અને લારીઓ જપ્ત કરાઇ

# ખાટુ શ્યામ બાબા મંદિર બહાર દબાણ શાખા ત્રાટકી, નાસભાગ

(પ્રતિનિધિ), વડોદરા. તા.27

વડોદરા મહાનગરપાલિકાની દબાણ શાખા ફરી એકવાર વિવાદોના વમળમાં ફસાઈ છે. શહેરના ખોડિયાર નગર વિસ્તારમાં આવેલા પ્રસિદ્ધ ખાટુ શ્યામ બાબાના મંદિર બહાર ફૂલો વેચીને ગુજરાન ચલાવતા નાના વેપારીઓ અને પાલિકાના કર્મચારીઓ વચ્ચે શુક્રવારે ભારે ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા. દબાણ શાખાના કર્મચારીઓએ વેપારીઓ સાથે અભદ્ર વર્તન કરી માનસિક હેરાનગતિ કરી હોવાની ચોંકાવનારી વિગતો સામે આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, ખોડિયાર નગર વિસ્તારમાં ખાટુ શ્યામ મંદિર પાસે ગરીબ વેપારીઓ ફૂલો અને પૂજાની સામગ્રી વેચીને પોતાના પરિવારનું ભરણપોષણ કરે છે. વેપારીઓનો આક્ષેપ છે કે તેઓ અઠવાડિયામાં માત્ર બે જ દિવસ અહીં ધંધો કરે છે અને તેના માટે કોર્પોરેશન દ્વારા તેમની પાસેથી રૂ. 500ની પાવતી પણ લેવામાં આવે છે. આમ છતાં, શુક્રવારે અચાનક ત્રાટકેલી દબાણ શાખાની ટીમે વેપારીઓના થેલા અને લારીઓ જપ્ત કરવાનું શરૂ કર્યું હતું.

જ્યારે વેપારીઓએ પોતાની લારીઓ બચાવવા પ્રયત્ન કર્યો, ત્યારે કર્મચારીઓએ તેમની સાથે સખ્તી કરી માર માર્યો હોવાના પણ આક્ષેપો થયા છે. આ સમગ્ર ઘટના દરમિયાન અનેક ગરીબ વેપારીઓની આંખમાં આંસુ જોવા મળ્યા હતા. વેપારીઓએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે, “એક તરફ સરકાર અમને આત્મનિર્ભર બનાવવા માટે લોન આપી રહી છે, ત્યારે બીજી તરફ પાલિકાનું તંત્ર અમને શાંતિથી ધંધો કરવા દેતું નથી.

### ચીખોદરા ખાતે વિધિવત નાશ કરવામાં આવ્યો હતો

# ઝોન-3માં પકડાયેલા કરોડો રૂપિયાના દારૂના જથ્થા પર બુલડોઝર ફેરવાયું

(પ્રતિનિધિ), વડોદરા. તા.27

વડોદરા શહેર પોલીસના ઝોન-3 વિસ્તારમાં અલગ-અલગ દરોડાઓ દરમિયાન ઝડપાયેલા રૂ. 1.34 કરોડના વિદેશી દારૂના જથ્થાનો કોર્ટની મંજૂરી બાદ ચીખોદરા ખાતે વિધિવત નાશ કરવામાં આવ્યો હતો. નાયબ પોલીસ કમિશનર અભિષેક ગુપ્તા સહિત વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં દારૂની બોટલો અને ટીન પર બુલડોઝર ફેરવી કાર્યવાહી હાથ ધરાઈ હતી.



ઝોન-3 હેઠળ આવતાં કપુરાઈ, પાણીગેટ, વાડી, મકરપુરા અને માંજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારોમાં સ્થાનિક પોલીસ તેમજ એલસીબી ટીમે સંયુક્ત રીતે રેડ કરીને ગેરકાયદે દારૂની હેરાફેરી સામે કાર્યવાહી કરી હતી. વિવિધ ઓપરેશનો દરમિયાન પ્રોહિબિશનના કુલ 69 ગુનાઓ નોંધાયા હતા અને રૂ. 1.34 કરોડનો વિદેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો.ઝપ્ત કરાયેલ દારૂનો સમયાંતરે કાયદેસર નાશ કરવામાં આવતો હોય છે. તે અનુસંધાને કોર્ટમાંથી જરૂરી મંજૂરી મેળવ્યા બાદ ચીખોદરા ગામે સ્મશાન પાસે ધનિયાવી રોડ પર નાશની કાર્યવાહી હાથ ધરાઈ હતી.આ કામગીરી દરમિયાન કમિટીના અધ્યક્ષ તથા નાયબ પોલીસ કમિશનર અભિષેક ગુપ્તા, નાયબ કલેક્ટર વી.કે. સાંભડ, મદદનીશ પોલીસ કમિશનર જી.ડી. પલસાણા અને પ્રણવ કટારિયા, નશાબંધી અને આબકારી વિભાગના અધિકારીઓ તેમજ સંબંધિત પોલીસ સ્ટેશનના પીઆઈ હાજર રહ્યા હતા.પોલીસના જણાવ્યા અનુસાર ગેરકાયદે દારૂના ધંધા સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે અને આવનારા સમયમાં પણ આવાં જ સખત પગલાં લેવામાં આવશે.

### ડૂબી જવાના ગંભીર બનાવો ભૂતકાળમાં બન્યા છે

# વડોદરા જિલ્લાના નદી કિનારે હોળી-ધુળેટીએ નહાવા પર સખત પ્રતિબંધ

(પ્રતિનિધિ), વડોદરા. તા.27

આગામી હોળી અને ધુળેટીના તહેવારો દરમિયાન નદીઓમાં ન્હાવા પડવાથી થતી ડૂબી જવાની દુર્ઘટનાઓ અટકાવવા માટે વડોદરા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી બી. એસ. પટેલે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-2023 ની કલમ-163 હેઠળ સત્તાનો ઉપયોગ કરી, જિલ્લાના વિવિધ નદી કિનારાઓ પર ન્હાવા જવા કે અવરજવર કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડ્યું છે. આ જાહેરનામા મુજબ નીચે દર્શાવેલ પોલીસ સ્ટેશનની હદમાં આવતા નદી કિનારાના વિસ્તારોમાં પ્રવેશબંધી રહેશે.

#### ક્યો કિનારો કયુ પોલીસ સ્ટેશન

**મહીસાગર નદી કિનારો :-** સાવલી પો.સ્ટે.: લાંછનપુર. ભાદરવા પો.સ્ટે.: પરથમપુરા (રા).પાદરા પો.સ્ટે.: મુજપુર, એકલબારા, જાસપુર, ઉમરયા ગામ. વડુ પો.સ્ટે.: ડબકા, ચોકારી, સુલતાનપુરા, મહંમદપુરા, તિથોર. ડેસર પો.સ્ટે.: ઈટવાડ, શિહોરા, વરસાડા.વડોદરા તાલુકા પો.સ્ટે.: સિંધરોટ ચેક ડેમ.

**નર્મદા નદી કિનારો :-** કરજણ પો.સ્ટે.: રણાપુર, ફતેપુર, દરોલી, લીલોડ, કહોણા, મોટીકોરલ, શાયર, નાનીકોરલ, ઓઝ, સોમજ, દેલવાડા, નારેશ્વર. શિનોર પો.સ્ટે.: દિવેર, માંડવા, બરકાલ અને માલસર.ચાણોદ પો.સ્ટે. (વિવિધ ઘાટ): મલ્હાર ઘાટ, કપિલેશ્વર ઘાટ, માળી કુંડળ ઘાટ, ચક્રપાળી ઘાટ, કરનાળી ત્રિવેણી સંગમ, મહાકાળી ઘાટ, કુબેશ્વર ઘાટ અને સોમનાથ ઘાટ.

**આ જાહેરનામાં અમલીકરણનો સમયગાળો :-** આ હુકમ તા.03/03/2026 થી તા.04/03/2026 સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાના અમલીકરણ અને ભંગ કરનાર સામે ફરિયાદ નોંધવા માટે નાયબ પોલીસ અધિક્ષકથી લઈ હેડ કોન્સ્ટેબલ સુધીના તમામ અધિકારીઓને અધિકૃત કરવામાં આવ્યા છે. વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ પોતાની સુરક્ષા માટે આ નિયમોનું ચુસ્તપણે પાલન કરે.

### અકસ્માતને પગલે નાસ ભાગ મચી ગઇ

# બોડેલીમાં કારચાલકે કાબૂ ગુમાવતાં અનેક વાહનોને અડફેટે લીધા

(પ્રતિનિધિ), વડોદરા. તા.27

બોડેલી તાલુકા સેવા સદન પાસે સવારે 11:00 કલાક ની આસ પાસ વડોદરા તરફથી આવી રહેલી સફેદ કલર ની હ્યુન્ડાઈ કંપની ની i20 GJ 34 N.1290 નબર નો ચાલકે નશાની હાલત માં પૂર પાટ સ્પીડમાં હંકારી બોડેલી તરફ આવી રહ્યો હતો તે દરમિયાન તાલુકા સેવા સદન માં પોતાના કામ કાજ અર્થે આવેલા લોકોએ પોતાના કામ અર્થે આવેલા પાર્ક કરેલા વાહનોને એક બાદ એક અડફેટે લેતા અફરા તફરી નો માહોલ સર્જાયો હતો જોકે આ હિટ એન્ડ રન જેવી ઘટના બાદ મોટી જાન હાની થતા ટળતા લોકો એ હાશકારો અનુભવ્યો હતો આ હિટ એન્ડ રન જેવી ઘટના રોડ ની નીચે ની સાઈટમાં ઊભી રાખેલી રીક્ષા ચાલક પોતાના ઘર પરિવારનું ગુજરાન ચલાવવા ધંધા અર્થે નીકળ્યો હતો અને પોતાના ભાડા ની રાહમાં ઊભેલા રીક્ષા ચાલક ને ટક્કર મારતા ફંગોળાઈ ગયો હતો આ ભયંકર ટક્કર થી રીક્ષા નો કચ્ચર ઘાણ નિકળી ગયો આ ઘટના માં સદ નસીબે મોટી જાન હાની થતા ટળી હતી પરંતુ રિક્ષા ચાલક ને પગ અને હાથમાં ગંભીર ઈજાઓ પહોચતા નજીક ની ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી ત્યારે રોજ નું પેટીયુ રડીને ગુજરાન ચલાવતા ગરીબ પરિવાર ના વાહન ચાલકો ને અડફેટે લીધેલા નો કાર ચાલક રાજકીય વગ ધરાવતો અને સસ્તા અનાજ ની દુકાન નો સંચાલક ઈન્દ્ર વદન સોલંકી હોવાનું સામે આવ્યું હતું જેથી કરી આ હિટ એન્ડ રન નો મામલો પોલીસ મથકમાં નોંધાયો ન હતો અને સમાધાન ની ફોર્મ્યુલા અપનાવી મામલો સમેટી લીધો હતો ત્યારે ચાલક ના પુત્ર વડોદરા થી બોડેલી આવી પહોંચતા આ ઘટના મામલે પૂછ પરછ કરતા મારા પિતા થી અકસ્માત થયો હોવાનું જણાવ્યું હતું.

### પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી પાડ્યો

# ઘરમાં એકલી પરિણીતા પર સાથે નોકરી કામ કરતા કર્મચારીએ બળાત્કાર ગુજાર્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.27

નોકરીથી છુટી ઘરે આવેલી મહિલાનો આરોપીએ પીછો કરી બળજબરીપૂર્વક ઘરમાં ઘુસી ગયો ફરિયાદ નોંધાયાં ગણતરીના કલાકોમાં પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરાઈ

પ્રતિનિધિ વડોદરા તા.27

નોકરી પરથી છુટીને ઘરે આવેલી પરીણીતા ઘરમાં એકલી હોય પીછો કરીને આવેલો તેની સાથે નોકરી કરતો શખ્સ બળજબરીપૂર્વક ઘરમા ઘુસી ગયો હતો. ત્યારબાદ પરીણીતાને ધમકી આપી તેની મરજી વિરુદ્ધ બળાત્કાર ગુજાર્યો હતો. જેથી પરીણીતાએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા દંતેશ્વર વિસ્તારમાં આવેલા વુડાના મકાનમાં રહેતા અક્ષય જયેન્દ્ર




રાઠવા પરીણીત હોવા સાથે બે સંતાનનો પિતા પણ છે. અક્ષય રાઠવા જે જગ્યા પર નોકરી કરતો હતો તેની સાથે એક પરીણીત મહિલા પણ નોકરી કરતી હતી. દરમિયાન મહિલા નોકરી પર છુટી હતી ત્યારે આરોપી અક્ષય રાઠવા પણ ઘરે જઈ રહ્યો હતો. દરમિયાન તેણે પરીણીતાને ઘરે મુકી જવા માટે પુછ્યુ હતું. પરંતુ મહિલાએ તેને ના પાડ્યું હતું. તેમ છતાં અક્ષય રાઠવાએ પરીણિતાનો પીછો કર્યો હતો. પરીણીતા ઘરે પહોંચી હતી ત્યારે તેમનો પતિ પોતાના વતન ધોરણ 12ની પરીક્ષા આપવા માટે ગયો હતો. જેથી અક્ષય રાઠવા પરીણીતા ઘરમાં એકલી હોય તેનો લાભ લઈને ઘરમાં ઘુસી ગયો હતો અને બળજબરી પૂર્વક બળાત્કાર ગુજાર્યો હતો. જો કોઈને આ વાત જાણ કરીશ તો મારી નાખીશ તેવી ધમકી આપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. જેથી પરીણિતાએ મકરપુરા પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મ ગુજારનાર અક્ષય રાઠવા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેથી મકરપુરા પોલીસ દ્વારા વિવિધ ટીમો બનાવીને આરોપીની અક્ષય રાઠવાની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન દુષ્કર્મ ગુજારનાર આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો.

**ગ્રહોની ચાલ** આગામી મંગળવારે ચંદ્રગ્રહણઃ વડોદરા સહિત ગુજરાતમાં ધાર્મિક પાલનમાંથી મુક્તિ

# ચંદ્ર ઉદય પૂર્વે જ ગ્રહણ પૂર્ણ થતું હોવાથી મંદિરોના દ્વાર દર્શન માટે ખુલ્લા રહેશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.27

આગામી ફાગણ સુદ પૂનમને મંગળવાર, 3 માર્ચના રોજ ખગ્રાસ ચંદ્રગ્રહણ યોજાવા જઈ રહ્યું છે. જોકે, આ વખતે ખગોળીય ઘટનાની સાથે એક વિશેષ ધાર્મિક રાહત પણ જોવા મળી રહી છે. જ્યોતિષીઓ અને પંચાંગના અભ્યાસુઓના જણાવ્યા અનુસાર, વડોદરા સહિત ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં આ ગ્રહણ ધાર્મિક દ્રષ્ટિએ પાળવાની જરૂર રહેશે નહીં. ભારતીય સમય અનુસાર, આ ચંદ્રગ્રહણ બપોરે 2:14 કલાકે શરૂ થશે અને સાંજે 6:47 કલાકે પૂર્ણ થશે. મુંબઈ જેવા શહેરોમાં ચંદ્ર ઉદય સાંજે 6:45 કલાકે હોવાથી ત્યાં આંશિક અસર વર્તાઈ શકે છે, પરંતુ વડોદરા શહેરમાં ચંદ્ર ઉદય સાંજે 6:47 પછી થતો હોવાથી ગ્રહણ મોક્ષ થયા બાદ જ ચંદ્ર દેખાશે. આથી, શાસ્ત્રોક્ત રીતે આ ગ્રહણ આ વિસ્તારોમાં પળાય તેવું ગણાશે નહીં. સામાન્ય રીતે ગ્રહણ સમયે મંદિરોના દ્વાર બંધ રાખવામાં આવતા હોય છે અને સુતક પળાય છે. પરંતુ આ વખતે ચંદ્ર ઉદય પહેલા જ ગ્રહણ સમાપ્ત થઈ જતું હોવાથી વડોદરાના જાણીતા મંદિરોમાં દર્શનનો ક્રમ યથાવત રહેશે. ભક્તો કોઈપણ જાતના સુતક વગર ભગવાનના દર્શન કરી શકશે. જોકે, કેટલાક સંસ્થાન દ્વારા સાવચેતીના ભાગરૂપે ધાર્મિક મર્યાદા જાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.




#### જ્યોતિષ પ્રદીપ પંડ્યા ની ખાસ સલાહ

“વડોદરામાં સાંજે ગ્રહણ પૂર્ણ થયા બાદ ચંદ્ર ઉદય થવાનો હોવાથી, અત્રે દાન-પુણ્ય કે સૂતકની ધાર્મિક અસરો લાગુ પડશે નહીં. જ્યોતિષી પ્રદીપ પંડ્યાના જણાવ્યા અનુસાર, ગ્રહણની માનસિક અસરો ત્રણ મહિના સુધી રહેતી હોય છે, તેથી નબળી રાશિ ધરાવતા લોકોએ મહત્વના નિર્ણયો લેતી વખતે સાવચેતી રાખવી હિતાવહ છે.”

#### જ્યોતિષના મતે રાશિઓ પર અસર

**મેષ:-** વિદ્યા અભ્યાસમાં ધ્યાન આપવું, સંતાનોની ચિંતા રહે.

**વૃષભ:-** શારીરિક પીડાની શક્યતા, આરોગ્યનું ધ્યાન રાખવું.

**મિથુન:-** ધનલાભ અને પ્રગતિના યોગ.

**કર્ક:-** આર્થિક નુકસાનથી બચવું.

**સિંહ:-** ગેસ, કબજિયાત અને પાચનતંત્રની બીમારીથી સાવધ રહેવું.

**કન્યા:-** આરોગ્યનું ધ્યાન રાખવું, બચતમાં વધારો થશે.

**તુલા:-** પ્રગતિ, સફળતા અને આર્થિક લાભ

**વૃશ્ચિક:-** કાર્ય સિદ્ધિ થાય, વેપારમાં ધ્યાન આપવું.

**ધનુ:-** માનસિક અશાંતિનો અનુભવ થઈ શકે.

**મકર:-** વાહન ધીમે ચલાવવું, અકસ્માતથી સાવધ રહેવું.

**કુંભ:-** ભાગીદારીના વેપારમાં ધ્યાન રાખવું, પારિવારિક ઝઘડા ટાળવા.

**મીન:-** શત્રુઓથી સાવધાન રહેવું.

### પક્ષકારો અને વકીલોમાં ખુશીની લહેર જોવા મળી

# ન્યાયમંદિર કોર્ટ સંકુલમાં પાર્કિંગના ‘ચક્રવ્યૂહ’નો અંત

(પ્રતિનિધિ), વડોદરા. તા.27

વડોદરા શહેરના ન્યાયમંદિર કોર્ટ સંકુલમાં વકીલો અને અસીલો માટે લાંબા સમયથી માથાના દુખાવા સમાન બનેલી પાર્કિંગની સમસ્યાનું આખરે સુખદ નિરાકરણ આવ્યું છે. બરોડા બાર એસોસિએશનની નવી ચૂંટાયેલી બોડી અને પ્રમુખ હસમુખ ભટ્ટની આગેવાનીમાં હાથ ધરાયેલી ઝુંબેશને કારણે કોર્ટ સંકુલ હવે ટ્રાફિક મુક્ત અને વ્યવસ્થિત દેખાઈ રહ્યું છે.બરોડા બાર એસોસિએશનની વર્ષ 2025-26ની ચૂંટણીમાં વિજયી થયેલા પ્રમુખ હસમુખ ભટ્ટે પદ સંભાળતાની સાથે જ પાર્કિંગની સમસ્યાને પ્રાથમિકતા આપી હતી. અગાઉના વર્ષોમાં તંત્ર અને પ્રતિનિધિઓ આ પ્રશ્ન ઉકેલવામાં નિષ્ફળ રહ્યા હતા, પરંતુ નવી ટીમે ગ્રાઉન્ડ લેવલ પર ઉતરીને આ કામગીરી પૂર્ણ કરી છે.પાર્કિંગ વ્યવસ્થાને સુધારવા



માટે પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી અને કારોબારી સમિતિના સભ્યો પોતે મેન એન્ટ્રન્સ ગેટથી લઈને એક્ઝિટ ગેટ સુધી હાજર રહ્યા હતા. વકીલો અને અસીલોને સમજાવીને યોગ્ય જગ્યાએ વાહન પાર્ક કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.પ્રમુખ હસમુખ ભટ્ટે જણાવ્યું હતું કે, “અમે વકીલોને ખાતરી આપી હતી કે પાર્કિંગનો પ્રશ્ન હલ કરીશું. ડિસ્ટ્રિક્ટ જજ, ટ્રાફિક એસપી અને વકીલ મંડળના સહકારથી આજે આ શક્ય બન્યું છે.” તેમણે વધુમાં ઉમેર્યું કે સિનિયર અને જુનિયર વકીલોએ અમારા આદેશને માન આપીને પૂરો સહકાર આપ્યો છે.હાલમાં કોર્ટ સંકુલનું પાર્કિંગ અત્યંત સુંદર અને વ્યવસ્થિત દેખાઈ રહ્યું છે, જેનાથી પક્ષકારો અને વકીલોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.